માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ
માહિતી મેળવવાની અરજી પરત્વે અરજદાર
દ્વારા રજુ કરવામાં આવતા બી.પી.એલ.
રેશનકાર્ડ અંગે સ્પષ્ટતા કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૧૮-૧૫૨૭-આરટીઆઇસેલ
સચિવાલય, ગાંધીનગર
તા:. 05 DEC 2018

પરિપત્ર:

૧. માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૫(૭) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો-૨૦૧૦ ના નિયમ-૩(૧) ની જોગવાઇઓ અનુસાર ગરીબીરેખા હેઠળના કુટુંબની વ્યક્તિએ ગરીબીરેખા હેઠળના કાર્ડની પ્રમાણિત નકલ અથવા ખરી નકલ અથવા સંબંધિત સત્તાધિકારીએ તે અર્થે કાઢી આપેલું પ્રમાણપત્ર અરજી સાથે રજુ કરવામાં આવ્યેથી માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ અંતર્ગત માહિતી મેળવવા માટે ફી માંથી મુક્તિ આપવા અંગેની જોગવાઇ કરવામાં આવેલ છે.

૨. અમુક અરજદારો દ્વારા માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ માહિતી મેળવવા કરાતી અરજીઓ સાથે બી.પી.એલ. રેશનકાર્ડની નકલ જોડવામાં આવે છે અને તેના અધારે અરજી ફી તથા નકલ ફી માંથી મુક્ત મેળવવામાં આવે છે. અધિનિયમમાં ફકત ગરીબીરેખા કાર્ડ (બી.પી.એલ.કાર્ડ) ધારકને જ કોઇ પણ પ્રકારની ફી માંથી મુક્તિ આપવા જોગવાઇ કરવામાં આવેલ છે, જેને કારણે જાહેર માહિતી અધિકારીઓ તથા અરજદારો દ્વિધા અનુભવે છે અને આ બાબતે માર્ગદર્શન અને સ્પષ્ટતા માટે વિવિધ કક્ષાએ રજુઆત કરવામાં આવે છે.

૩. આ પ્રકારની રજુઆતોને ધ્યાને રાખી, માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ અન્વયે અરજદાર દ્વારા માહિતી મેળવવા માટે અરજી સાથે બી.પી.એલ. રેશનકાર્ડ રજુ કરે ત્યારે નીચે મુજબની માર્ગદર્શક સુચના ધ્યાને લેવા વિનંતી છે.

૪. " બી.પી.એલ. રેશનકાર્ડ ફકત અનાજ મેળવવાના હેતુસર જ કાઢી આપવામાં આવેલ હોઇ, માહિતી અધિકાર અધિનિયમની જોગવાઇ મુજબ માહિતી મેળવવા માટે કરવામાં આવતી



Scanned by CamScanner

અરજીઓ સાથે ગરીબીરેખા હેઠળના કાર્ડને જ માન્ય ગણવામાં આવેલ હોઇ બી.પી.એલ. રેશનકાર્ડની નકલ જોડેલ હોય તો તેવા અરજદારને કોઇ પણ પ્રકારની ફી મુક્તિનો લાભ મળવાપાત્ર થશે નહિ. આ ફી મુક્તિનો લાભ મેળવવા ઇચ્છનારે ગરીબીરેખા કાર્ડ અથવા તે અંગેનુ સક્ષમ અધિકારી દ્વારા કાઢી આપવામાં આવેલ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અથવા ખરી નકલ રજુ કરવાની રહેશે."

૫. ઉપરોકત સુચનાઓનું સચિવાલયના સર્વે વિભાગો/ ખાતાના વડાઓ/કચેરીના વડાઓને ભારપુર્વક અમલ કરવા માટે જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)

કે.એસ.પ્રજાપતિ
સરકારના સંયુકત સચિવ
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર
- સચિવશ્રી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પંસદગી મંડળ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, સેક્ટર-૧૮, ગાંધીનગર



Scanned by CamScanner